પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૩ | ૨૩ નવેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; માગસર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રેલવે સ્ટેશને લગેજ સ્કેનર અને ક્યુઆરટી મુકાશે

રેલવે સ્ટેશનો પર અને ટ્રેનમાં મુસાફરોની સુરક્ષા માટે ટુંક સમયમાં રેલવે તંત્ર પગલા લેશે. રેલવે સ્ટેશનો પર લગેજ સ્કેનર મુકાશે અને દરેક ટ્રેનોમાં ક્વિક રિસ્પોન્સટીમ મુકાશે.

### આતંકી હાફિઝ સઈદ થશે મુક્ત

પાકિસ્તાનની એક અદાલતે મુંબઈ હૂમલાના માસ્ટર માઈન્ડ અને પ્રતિબંધિત આતંકી સંગઠન જમાત ઉદ દાવાના હાફિઝ સઈદને છોડી મુકવાનો આદેશ કર્યો છે.

### સુપ્રીમ-હાઈકોર્ટોના જજોના પગારમાં વધારો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ કેન્દ્રીય કેબિનેટની યોજાયેલી બેઠકમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટેના જજોના વેતનમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. બેઠકમાં આ સાથે કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેની વેતન પોલિસી તથા ૧૫માં નાણા પંચની રચના કરવાના પ્રસ્તાવને પણ બહાલી આપવામાં આવી છે.

### ડિજિટલ પેમેન્ટ કરનારને જીએસટીમાં બે ટકાની છૂટછાટ

ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા પેમેન્ટ એકટ એ પણ મારફત જો ચૂકવણુ કરવામાં આવે તો તેવી વ્યક્તિની જીએસટીમાં બે ટકાનો છુટનો લાભ મળશે.

# હાર્દિક-કોંગ્રેસ આસ-'પાસ'

**પાટીદારોને અનામત આપવા માટે કોંગ્રેસ બિલ લાવશે : હાર્દિક પટેલ : ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય લડાઈ ભાજપ સાથે છે જેથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કોંગ્રેસને સમર્થન કરશે : કોંગ્રેસ પાસે કોઇ બેઠકો માંગી નથી**



અમદાવાદ,તા. ૨૨

ગુજરાત વિધાનસભાની હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ચૂંટણી પહેલા કોંગ્રેસને આજે આખરે મોટી રાહત મળી હતી. કારણ કે પાટીદાર લીડર હાર્દિક પટેલે ભારે કશ્મકશ બાદ કોંગ્રેસ પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. જો કે હાર્દિકે કહ્યુ હતુ કે તેઓ કોઈ પાર્ટીમાં સામેલ થનાર નથી. હાર્દિકે જાહેરાત કરી હતી કે, વિધાનસભા ચૂંટણીમાં તેની લડાઈ ભાજપ સાથે જેથી પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે કોંગ્રેસને સમર્થન આપશે. પાસના સંયોજક હાર્દિક પટેલે કહ્યુ હતુ કે, કોંગ્રેસે અમારી તમામ માંગો સ્વીકારી લીધી છે. જો કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો અમારી તમામ માંગોને પૂર્ણ કરવા માટે પ્રયાસ કરશે. કોંગ્રેસે અમારી પટેલ અનામતની માંગને સ્વીકારી લીધી છે. પાર્ટીએ વચન આપ્યું છે કે, તે વિધાનસભામાં બિનઅનામત સમુદાય માટે બિલ રજૂ કરશે. હાર્દિકે કહ્યું હતું કે, કેટલાક રાજ્યોમાં અનામતની મર્યાદાને ૪૯ ટકાથી વધુ કરવાને લઈને કોર્ટે પ્રતિબંધ મુકી દીધો છે. આવી સ્થિતિમાં કોઈપણ પ્રકારના બ્રેકથી બચવા માટે કોંગ્રેસ સરકાર બનતાની સાથે જ બિલ લાવશે. તેમણે ઉમેર્યું હતું કે, અનામતની ૪૯ ટકાની મર્યાદાને પાર કરવાની બાબત શક્ય છે અને કેટલાક રાજ્યોમાં આવું થયું પણ છે. કોંગ્રેસે પટેલ સમુદાયને ઓબીસીની જેમ જ અનામત આપવા માટે સંમત થઈ ગઈ છે. પાટીદારોને પણ અન્ય પછાત લોકોની જેમ જ લાભ મળશે. હાર્દિકે કહ્યું હતું કે, કોંગ્રેસ સરકાર પેનલ બનાવીને મંડળ કમિશનની ભલામણોના આધાર પર સર્વે કરાવશે અને બિનઅનામત પછાત લોકોને તેના આધાર પર લાભ આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસ અને તે પોતે સમજૂતિ પર કામ કરી ચુક્યા છે. એટલું જ નહીં હાર્દિકે કહ્યું હતું કે, કોંગ્રેસ અને પાસ વચ્ચે થયેલી સમજૂતિને લઈને કોઈપણ પ્રકારની કાયદાકીય અડચણો આવશે નહીં. હાર્દિકે દાવો કરતા કહ્યું હતું કે, કોંગ્રેસે કોઈ સીટની માંગ કરી નથી જેથી ટિકિટોને લઈને કોઈ વિવાદ નથી. હજુ અઢી વર્ષ સુધી કોઇ પાર્ટીમાં સામેલ થનાર નથી. કોંગ્રેસને મત આપવા માટે કોઈને અમે અપીલ કરી

● અનુસંધાન પાન-૫ પર

# નિતીન પટેલના હાર્દિક સામે તીખા તેવર

**પાટીદાર સમાજની સમક્ષ હાર્દિક ખુલ્લો પડી ગયો છે : હાર્દિક પર નીતિન પટેલના તેજાબી પ્રહારો : વોટ માટે કોંગ્રેસ સાથે સોદાબાજી**

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની તરફેણમાં ઉભા થયેલા પાટીદાર નેતા હાર્દિક પટેલ ઉપર ભાજપે જોરદાર આક્ષેપો કર્યા છે. ભાજપે હાર્દિક પટેલ અને કોંગ્રેસ ઉપર પટેલ સમુદાયને અનામતના નામે ગેરમાર્ગે દોરવા અને તેમને મુરખ બનાવવાનો આક્ષેપ કર્યો છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે હાર્દિક પટેલની જાહેરાત બાદ પ્રતિક્રિયા કરતા કહ્યું હતું કે, એક મૂરખે અરજી આપી હતી અને બીજા મુરખે અરજીને સ્વીકારી લીધી છે. પટેલે હાર્દિકની પત્રકાર પરિષદનો જવાબ આપતા કહ્યું હતું કે, પાટીદાર સમાજની સામે હાર્દિકનો પર્દાફાશ થઈ ચુક્યો છે. તેમણે કહ્યુ હતું કે, હાર્દિક હવે વોટ માટે કોંગ્રેસ પાર્ટી સાથે સોદાબાજી કરવામાં લાગેલો છે. પોતાના સ્વાર્થ માટે સમાજને વિભાજિત કરવાના કામ કરી રહ્યો છે. હાર્દિક પર જાતિવાદની રાજનીતિનો આક્ષેપ કરતા નીતિન પટેલે કહ્યું હતું કે, હાર્દિક રાજકીય ફાયદા માટે સમાજમાં જુદી જુદી જાતિઓને પારસ્પર લડાવીને આગળ વધવાના પ્રયાસમાં છે. નીતિન પટેલે પાટીદાર સમાજને અપીલ કરતા કહ્યુ હતું કે, હાર્દિક અને કોંગ્રેસના પ્રલોભનોથી લોકો સાવધાન રહે તે જરૂરી છે. નીતિન પટેલે કહ્યું હતું કે, બંધારણની દ્રષ્ટિએ ૫૦ ટકાથી વધુ અનામત આપવાની સ્થિતિ જ નથી તે બાબત હાર્દિક પણ જાણે છે. નીતિન પટેલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, હાર્દિક પટેલ કોંગ્રેસની જ સ્ક્રીપ્ટ વાંચી રહ્યા છે. ૫૦ ટકાથી ઉપર અનામત કાયદાની સામે ટકી શકશે નહીં.

ઈન્દ્રા સાહની કેસમાં સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, કોઈપણ સરકાર ૫૦ ટકાથી વધુ અનાતમ આપી શકે નહીં. રાજસ્થાનમાં પણ ૫૦ ટકાથી વધુ અનામત પર પ્રતિબંધ મુકવામાં આવી ચુક્યો છે. નીતિન પટેલે કહ્યું હતું કે, હાર્દિક નાદાન છે. તેને આ બાબત સમજવી જોઈએ. કોંગ્રેસના વકીલ રાજસ્થાન પર આપવામાં આવેલા ચુકાદાની અવગણના કરી રહ્યા છે. પટેલોના અનામત ઉપર કોંગ્રેસે પોતાના મોંને છુપાવવા માટે હાર્દિકની તરફેણમાં બોલ ફેંકી દીધો છે. હાર્દિક કોંગ્રેસની તરફેણમાં બોલ ફેંકી રહ્યા છે.



# સુખોઈ ફાઈટર જેટથી પ્રથમવાર બ્રહ્મોસનું પરીક્ષણ

**દુશ્મનની સરહદમાં ઘુસીને ટાર્ગેટ ફૂંકી શકાશે : દુશ્મનોની સરહદમાંના ત્રાસવાદી અડ્ડાને અસરકારકરીતે ફૂંકી મરાશે : મિસાઇલ માટે ૨૭,૧૫૦ કરોડના ઓર્ડર**



નવીદિલ્હી, તા. ૨૨

દુશ્મનની સરહદમાં ઘુસીને લક્ષ્ય તોડી પાડવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલનું સુખોઈ ફાઈટર જેટથી આજે સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અવાજની ગતિથી આશરે ત્રણ ગણો વધુ એટલે કે ૨.૮ માકની ગતિથી હુમલો કરવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલનું પ્રથમ વખત સુખોઈ ૩૦ એમકેઆઈ ફાઈટર જેટથી પરીક્ષણ કરવામાં આવ્યું છે. ફાઈટર જેટથી પ્રહાર કરવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલના આ પરીક્ષણને ડેડલી કોમ્બિનેશન અથવા તો ઘાતક મિશ્રણ તરીકે ગણવામાં આવે છે. હવાથી જમીન ઉપર પ્રહાર કરવામાં સક્ષમ બ્રહ્મોસ મિસાઈલ દુશ્મન દેશમાં વધુ અસરકારકતા સાથે હુમલા કરી શકે છે. દુશ્મન દેશની સરહદમાં આતંકવાદી અડ્ડાઓ ઉપર હુમલા કરવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવી શકે છે. આ મિસાઈલ અન્ડરગ્રાઉન્ડ પરમાણુ બંકરો, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, દરિયાની ઉપર ઉડી રહેલા વિમાનોને સરળરીતે ટાર્ગેટ બનાવી શકે છે. છેલ્લા એક દશકમાં સેનાએ ૨૯૦ કિલોમીટરની રેંજમાં જમીન પર પ્રહાર કરનાર બ્રહ્મોસ મિસાઈલને પહેલાથી જ પોતાના શસ્ત્રાગારમાં સામેલ કરી લીધી છે. બ્રહ્મોસ મિસાઈલ માટે ૨૭૧૫૦ કરોડ રૂપિયાના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. આના માટે સેના, નૌકા સેના અને ઈન્ડિયન એરફોર્સે પોતાની તાકાત દર્શાવી છે. જૂન ૨૦૧૬માં ભારતના ૩૪ દેશોના સંગઠન મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલ રિજીમનો હિસ્સો બની ગયા બાદ મિસાઈલની રેંજની ક્ષમતાને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. ભારત આ સંગઠનમાં સામેલ થયા બાદ મિસાઈલની રેંજની મર્યાદા પણ હવે ખતમ થઈ ચુકી છે. આવી સ્થિતિમાં સશસ્ત્રદળો બ્રહ્મોસના ૪૫૦ કિલોમીટરની રેંજ સુધી પ્રહાર કરનાર વર્જનના પરીક્ષણની તૈયારી કરી છે. ભારત ૩૦૦ કિલોમીટરની રેંજવાળી મિસાઈલો તૈયાર કરવામાં સક્ષમ થશે.

# કુપવાડામાં ૧ જવાન શહીદ : ૩ આતંકી ઠાર

શ્રીનગર,તા. ૨૨

જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ. જેમાં એક સૈનિકના શહીદ થવાના સમાચાર સામે આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યુ કે નિયંત્રણ રેખાની નજીક કેરન સેક્ટરના ચોકેન ચોકી પર સવારે સાડા સાત વાગે અથડામણ શરૂ થઈ. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓના ખાત્મા માટે સેનાએ ઓપરેશન ઓલ આઉટ ચાલુ રાખ્યુ છે. આજે કુપવાડા જિલ્લામાં બે જગ્યાએ અથડામણમાં સેનાના એક શહીદ થયા હતા. જ્યારે સેનાએ લશ્કર-એ-તોયબાના ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓને મારી નાખ્યા હતા.




# દિપીકાના બેંગ્લોર આવાસ પર સઘન સુરક્ષા વ્યવસ્થા

**બેંગ્લોર આવાસ પર દિપીકાના માતા-પિતા રહે છે જાનથી મારી નાંખવાની દિપીકાને સતત ધમકી**

નવી દિલ્હી,તા. ૨૨

પદ્માવતી ફિલ્મને લઈને હોબાળો મચેલો છે. ફિલ્મની રજૂઆતને લઈને નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આને ધ્યાનમાં લઈને એક બાજુ ફિલ્મની રજૂઆત રોકી દેવામાં આવી છે. બીજી બાજુ ફિલ્મની બાકી ટીમની સાથે સાથે ફિલ્મની અભિનેત્રી દિપીકાના આવાસ ઉપર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. દિપીકાની તકલીફ દિન પ્રતિદિન વધી રહી છે. તેના આવાસ ઉપર પોલીસ ટીમ ગોઠવી દેવામાં આવ્યા બાદ ચાંપતી નજર રખાઈ રહી છે. એકબાજુ કર્ણી સેના અને બીજી બાજુ તેના જેવા અન્ય સંગઠનોએ સતત ધમકીઓ આપી છે. દિપીકાને મારી નાંખવાની ધમકી પણ મળી રહી છે. સુરક્ષા વધારવામાં આવ્યા બાદ દિપીકાના પરિવાર ઉપર પણ હુમલા થવાની શક્યતાને નકારી શકાય નહીં. દિપીકાના માતા-પિતાના આવાસ બેંગ્લોર ખાતે સુરક્ષા વધારાઈ છે. આ સંદર્ભમાં પોલીસ અધિકારી ગીરીશ નાયકે કહ્યું છે કે, તેના આવાસ જેસીનગરમાં બે પોલીસ જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. થોડાક દિવસ પહેલા જ હરિયાણા ભારતીય જનતા પાર્ટીના નેતા કુંવર સુરજપાલસિંહે પદ્માવતીના કારણે દિપીકા અને નિર્દેશક સંજય લીલાના માથા ઉપર ૧૦ કરોડના ઈનામની જાહેરાત કરી હતી. કુંવરે કહ્યું હતું કે, અમે આ મામલાને હાથમાં લેવા ઈચ્છતા નથી પરંતુ જે કોઈ પણ રાજપૂત રાજા અને રાણીની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસ કરશે તેને માફ કરવામાં આવશે નહીં.

આટલા વિવાદ બાદ કેટલાક ચાહકો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકો હવે સમર્થન અને વિરોધમાં સામે આવી રહ્યા છે.

# ગુજરાતમાં પદ્માવતી ફિલ્મ પર પ્રતિબંધ

**ફિલ્મમાંથી વિવાદાસ્પદ સીનને દૂર કરવાનું પણ સૂચન કરાયું : કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ફિલ્મની રજૂઆતથી વણસી શકે : વિજય રૂપાણીનો મત**







ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે વિવાદાસ્પદ પદ્માવતી ફિલ્મને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે જાહેરાત કરતા કહ્યું હતું કે, આ ગુજરાતમાં પણ આ ફિલ્મ રજૂ થશે નહીં. ચારેબાજુ વિવાદ વચ્ચે આ નિર્ણય કરાયો છે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં રૂપાણીએ આ વાત કરીને નવી ચર્ચા જગાવી છે. દેશભરમાં રિલીઝ અગાઉ ભારે વિવાદના વમળમાં ફસાયેલી ફિલ્મ પદ્માવતી મામલે ગુજરાતમાં પણ તેના પડઘા પડવા પામ્યા હતા.આજે આ ફિલ્મ ગુજરાતમાં રિલીઝ કરવામા નહીં આવે એવી મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા જાહેરાત કરવામા આવી છે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,થોડા દિવસ પહેલા જ ફિલ્મ નિર્માણ કંપની દ્વારા સ્વેચ્છાએ આ ફિલ્મની રિલીઝની તારીખ પાછી ખેંચી હતી.દરમિયાન આજે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પત્રકાર પરિષદમાં આ મામલે જાહેરાત કરતા કહ્યુ કે,ગુજરાતમાં ફિલ્મ પદ્માવતી રિલીઝ નહીં થાય.તેમણે કહ્યુ કે,આ ફિલ્મથી લોકોની લાગણી દુભાઈ છે.ફિલ્મ અંગેનો વિવાદ પૂરો થયા બાદ આ અંગે વિચારણા કરવામા આવશે.કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સરકારની છે વિવાદોથી વાતાવરણ બગડે નહી,ખાસ કરીને ચૂંટણી નજીક છે એને માટે કાયદો વ્યવસ્થા જળવાય એ જરૂરી છે.આથી આ નિર્ણય લેવામા આવ્યો છે.તેમણે વધુમા કહ્યુ કે,સમગ્ર દેશમાં ક્ષત્રિય સમાજ સહિત ઘણા લોકોની લાગણી દુભાઈ છે.ધાર્મિક અને વ્યકિતગત ભાવનાઓને ઠેસ પહોંચી છે.

